# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**


**અખબારી યાદી** **તા. ૧૨–૦૫–૨૦૨૬**

**૧૨ વર્ષમાં ચોથી વાર નીટના પેપરમાં ગોલામાલ સામે આવી: એનટીએ અને કેન્દ્ર સરકાની નાકામીનો જીવંત પુરાવો: આ સંયોગ નથી સુવ્યવસ્થિત પેપર લીક**

**દેશમાં સાત વર્ષમાં ૬૫ પરીક્ષા પેપર લીક બે કરોડ યુવાનો પ્રભાવિત: મોદી સરકારની પરીક્ષા વ્યવસ્થા = પેપર-લીક સરકાર!**

**ગુજરાતમાં ૨૪ કરતાં વધારે અલગ અલગ પરીક્ષા પેપર લીક થયાની ગંભીર ઘટનામાં લાખો યુવાનો ભોગ બન્યા.**

દેશની સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG 2026 ફરી એક વાર મોટા પાયે ગેરરીતી, ગોલમાલ અને પેપર લીકના ઘેરામાં છે. કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ફરી એક વાર મોદી સરકારની લાપરવાહી અને સંરક્ષણની ભેટ ચડી ગયું છે. જો સરકાર એક રાષ્ટ્રીય પરીક્ષાનું પણ ન્યાયપૂર્વક આયોજન કરી શકતી નથી, તો તે વાસ્તવમાં શું શાસન કરવામાં સક્ષમ છે? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે NEET-UG ૨૦૨૬ પરીક્ષા માટે, ગુજરાતમાંથી ૮૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને દેશભરમાં, ૨૨.૭૯ લાખથી વધુ ઉમેદવારોએ નોંધણી કરાવી હતી, ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પોતાના બાળકોની ભણતર માટે સમય, પૈસા અને આશા દાવ પર લગાવી દે છે. NEET હવે પરીક્ષા નથી રહી, તે ઝડપથી હરાજી બની રહ્યું છે. પ્રામાણિક વિદ્યાર્થીઓ અને સંઘર્ષ કરતા માતા-પિતા ફરી એક વાર છેતરાયા છે. ૨૦૨૪ના કાંડ પછી પણ, NTAનું નેતૃત્વ અકબંધ રહ્યું છે. જવાબદારીનો અભાવ છે, વિશ્વસનીયતા નાશ પામી છે. પેપર લીક મામલો NTAની કાર્યપ્રણાલી પર પણ ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. દેશની સૌથી મહત્વની પરીક્ષાઓમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવાની જે સંસ્થાની જવાબદારી છે, તે જ વારંવાર પ્રશ્નોના ઘેરામાં આવી રહી છે. આ મુદ્દો લાખો યુવાનોના ભવિષ્ય, તેમના ભરોસા અને પરીક્ષાઓની વ્યવસ્થા પ્રણાલીની વિશ્વસનીયતાનો પ્રશ્ન છે. NEET હવે 'પેપર-લીક એક્ઝામ' બની ગયું છે. મોદી સરકારના ૧૨ વર્ષમાં NEETનો પેપર ૨૦૨૬, ૨૦૨૪, ૨૦૨૧ અને ૨૦૧૬માં લીક થઈ રહ્યા છે. આ કોઈ સંયોગ નથી, પરંતુ વ્યવસ્થિત અવ્યવસ્થા છે. NTA અને કેન્દ્ર સરકારની નાકામીનો જીવંત પુરાવો છે. પેપર-લીક માફિયા ખુલ્લેઆમ ફૂલી-ફાલી રહ્યો છે. શું કેન્દ્ર સરકારને હજુ સુધી ખબર પણ નથી પડી? લાખો રૂપિયામાં વેચાતા આ "guess paper" કેવી રીતે ફેલાયો? શું મોદી સરકાર જાણી-જોઈને આંખો મીંચીને બેઠી છે?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ૨૪ કરતાં વધારે અલગ અલગ પરીક્ષા પેપર લીક થયાની ગંભીર ઘટનામાં લાખો યુવાનો ભોગ બન્યા. સાત વર્ષમાં ૬૫ પરીક્ષાઓના પેપર લીક થી ૨ કરોડ યુવાનો પ્રભાવિત જેમાં SSC, UPSC, REET, BPSC, NEET સહિતના પેપર લીક દર વર્ષે થઈ રહ્યા છે. મોદી સરકાર નોકરીઓ આપતી નથી, ભરતી-પરીક્ષામાં ધાંધલી કરાવે છે, પેપર-લીક માફિયાને સંરક્ષણ આપે છે અને પકડાઈ જતાં લીપા-પોતીમાં લાગી જાય છે. યુવાનોના ભવિષ્ય સાથે રમત કરવી ભાજપની આદત બની ગઈ છે. લાખો મેધાવી વિદ્યાર્થીઓ રાત-રાતભર મહેનત કરે છે, પણ કેટલાક લોકો પૈસા અને રાજકીય સંરક્ષણના બળે ટોપ કરી જાય છે. આ માત્ર ધાંધલી નથી, પરંતુ દેશના ભવિષ્ય સાથે ચેડા છે. NTA અને શિક્ષણ મંત્રી જવાબદાર કેમ નથી? NTA વારંવાર "સુરક્ષા"નું ઢોંગ રચે છે, પણ દર વર્ષે આ જ વાર્તા ફરી વાગે છે. શિક્ષણ મંત્રીજી, હવે રાજીનામું આપીને જવાબદારી દેખાડો! મોદી સરકાર પેપર-લીક ક્યારે રોકી શકશે? દેશના લાખો વિદ્યાર્થીઓ સાથે ન્યાય ક્યારે થશે? NTA અને શિક્ષણ મંત્રાલયની જવાબદારી ક્યારે નક્કી થશે? NEET 2026ની CBI તપાસ થાય, દોષીઓને સજા મળે. પેપર-લીક માફિયા પર NIA જેવી કેન્દ્રીય એજન્સી લગાડવામાં આવે. પરીક્ષા સુધારણા આયોગની રચના થાય.

ડૉ. મનિષ એમ. દોશી

મીડીયા કન્વીનર અને પ્રવક્તા